ગાંધીનગર સમાચાર

**અમિત શાહ એકાએક દિલ્હી પરત ફરતા અટકળોનો દોર**

# જીઆઈડીસીમાં ૬ અને સે. ૧૧માં ૮ એકમો સીલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૧૧માં ૮ અને જીઆઈડીસીમાં વધુ ૬ જેટલા એકમો મિલ્કતવેરાની બાકીને લઈ સીલ કરવામાં આવ્યા છે.

દિપાવલીના પર્વ ટાણે જ મિલ્કતવેરાની બાકી વસુલી અંગે હાથ ધરાયેલી મનપાની ઝુંબેશને લઈ વેપારી વર્ગમાં કચવાટ જોવા મળી રહ્યો છે. જો કે તંત્ર આ વખતે વધુ કડક હાથે વસુલીના મુદ્દે આગળ વધવાના મૂડમાં છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગત સપ્તાહના અંતમાં હાથ ધરાયેલી આ ઝુંબેશમાં અત્યાર સુધીમાં ૩૦થી વધુ એકમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે છેલ્લા ચાર દિવસમાં જ ૭૦ લાખ જેટલી વસુલી કરવામાં પણ તંત્રને સફળતા મળી છે. ૪૦ કરોડ જેટલી બાકી આ નાણાંકીય વર્ષના આરંભે હતી. તંત્રએ વસુલી અસરકારક બનાવવા માટે આગામી દિવસોમાં વધુ કડક હાથે કામ લેવાના પણ નિર્દેશો આપ્યા છે. મનપાએ તેના આવકના સ્ત્રોત સીમીત હોવાથી હવે તેની અસરકારક વસુલીનો વિકલ્પ સ્વીકારી અને કામગીરી હાથ ધરી છે.

હાલ વાણિજ્ય એકમો છે આ પછી અન્ય એકમો સામે કામગીરી હાથ ધરવામાં આવશે એમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

હોલસેલના ભાવે રેટઈલમાં
આસ્વાદ મઠીયા
રૂ.૧૬૦/- Kg
રૂપલ કોમ્પ્યુટર
ચુકો બેંકની બાજુમાં, ઘ-૫, સેક્ટર-૧૬, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

SOUTH INDIAN Bank

Regional Office, Ahmedabad : 4th floor, Sakar VII, Nehru Bridge Junction, Ashram Road, Navrangpura, Ahmedabad, Gujarat – 380 009. Tel No : 079 – 2658 5600, 5700, 1600, Email: ro1018@sib.co.in (Reg Office: SIB House, T B Road, Mission Quarters, Thrissur, Kerala-680001, Tel No:0487-2420020, Fax: 0487-2442021, Email: sibcorporate@sib.co.in, Website: www.Southindianbank.com) Corporate Identity No: L65191KL1929PLC001017

POSSESSION NOTICE
(For immovable property)

આ સાથે નીચે સહી કરનાર ધ સાઉથ ઈન્ડિયન બેંક લિ.ના અધિકૃત અધિકારીએ ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સેકશન ૧૩ (૧૨) સાથે વંચાણે લીધેલ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ નંબર ૩ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરતાં, કાયદના સેકશન ૧૩ (૨) હેઠળ ૦૧.૦૮.૨૦૧૬ની ડિમાન્ડ નોટિસ અને ૧૨.૦૮.૨૦૧૬ના કોરિજેન્ડમ હેઠળ લેણદાર (૧) શ્રીમતી જનકબા મહેશદાન ગઢવી કે જે શ્રી મહેશદાન ગઢવીના પત્ની અને જામીનદારો (૨) શ્રી મહેશદાન ગઢવી કે જે શ્રી નટવરદાન ગઢવીના પુત્ર બન્ને ૩૦૨, ઉર્જાનગર-૨ રાંદેશણ, ગાંધીનગર ૩૮૨૦૦૭ ખાતે રહે છે, પાસેથી નોટીસમાં જણાવેલ પ્રમાણે રકમ રૂા. ૭૮,૨૬,૪૬૫ ) રૂપિયા અઠ્યોતેર લાખ છવ્વીસ હજાર ચારસો પાસંઠ માત્ર) પરના વધારાના વ્યાજ ખર્ચ સહિત, ઉક્ત નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવ્યું હતું.

લેણદાર આ રકમ ચૂકવાવમાં નિષ્ફળ ગયા હોવાથી આ સાથે ખાસ કરીને લેણદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહિ કરનારે ઉપરોક્ત કાયદાના સેકશન ૧૩(૪)ને ઉપરોક્ત કાયદાના રૂલ ૮ સાથે વાંચતાં મળતી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ તમામ મિલકતોનો તા. ૨૫.૧૦.૨૦૧૬ના રોજ પ્રતિકાત્મક કબજો લીધો છે.

ખાસ કરીને લેણદાર અને જાહેર જનતાને આ સાથે ચેતવવામા આવે છે કે તેઓ આ મિલકતો અંગે કોઈ વ્યવહાર કરે નહી અને આ મિલકતો સાથેનો કોઈ પણ વ્યવહાર ધ સાઉથ ઈન્ડિયન બેન્ક લિ.ની બાકી રકમ રૂા. ૮૧,૪૧,૭૦૧.૧૪/- (રૂપિયા એક્યાસી લાખ એકતાલીસ હજાર સાતસો એક અને ચૌદ પૈસા માત્ર) કે જે તા. ૨૪.૧૦.૨૦૧૬ના રોજ પ્રમાણે દંડનાત્મક વ્યાજ દરને આધીન રહેશે.

**સ્થાવર મિલકતની વિગતો**

ઘર બાંધકામ ટેનામેન્ટ નં. ૩૦૨ કે જે જમીન નો વિસ્તાર ૧૬૫.૮૫ સ્કે મિ. અને જેમાં આંતરિક રોડ તેમજ કોમન પ્લોટનો સમાવેશ છે અને તે સ્કીમ ઉર્જાનગર વિભાગ-૨, બ્લોક નં. ૧૫૮/૩૦૨ (ટીપી સ્કીમ નં. ૫ અને ફાઈનલ પ્લોટ નં. ૧૫૮) ગામ રાંદેસણ, જીલ્લો ગાંધીનગર અને તેનો સેલડીડ નં. ૮૪૮૮ તા. ૧૯.૦૭-૨૦૧૧ એસઆરઓ - ગાંધીનગર મુજબ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તર તરફ કે તેના પર | - | પ્લોટ નં. ૩૦૩ |
| દક્ષિણ તરફ કે તેના પર | - | જાહેર રસ્તો |
| પૂર્વ તરફ કે તેના પર | - | પ્લોટ નં. ૩૨૫ |
| પશ્ચિમ તરફ કે તેના પર | - | જાહેર રસ્તો |

તારીખ : ૨૫.૧૦.૨૦૧૬
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
ધ સાઉથ ઈન્ડિયન બેંક લિમિટેડ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧



દિવાળીની ભીડ - દિપાવલી પર્વોના પ્રારંભ સાથે શહેરના બજારો ગ્રાહકોથી છલકાયા હતા... બુધવારે મોડીસાંજે સેક્ટર-૨૧, સેક્ટર-૨૪ અને સેક્ટર-૭ના બજારોમાં ભારે ભીડ જામી હતી... ગૃહસુશોભનથી લઈ દિવાળીના ફટાકડાની ખરીદી માટેની ઘરાકી જામી હતી... પગાર વહેલો થતાં સરકારી કર્મચારીઓમાં ખરીદીની મોકળાશ અનુભવાતી હતી જ્યારે બિનસરકારી એકમોમાં બોનસની રકમ હાથમાં આવતા દિવાળી ઉજવવાનો ઉત્સાહ વધ્યો હતો.

# રાજ્યમાં ૧લી ડિસેમ્બરથી ગુણોત્સવ

**૧ ડિસેમ્બરથી રાજ્યની પ્રા. શાળાઓમાં ગુણોત્સવ-૭ યોજવા માટે શિક્ષણ તંત્રે આરંભેલી તૈયારી : આજે જિલ્લાના બી.આર.સી. સી.આર.સી.ની બેઠક : પ્રિ. ગુણોત્સવનું પણ જિલ્લામાં આયોજન કરાશે**

ગાંધીનગર, તા. ૨૬

આગામી ૧લીથી ૩જી ડિસેમ્બર દરમ્યાન રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ-૭નું આયોજન કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા આ અંગેના સ્પષ્ટ સંકેત શિક્ષણ વિભાગને આપી દેવાતાં શિક્ષણ વિભાગે તે અંગેના આયોજનોની વિગતો તાત્કાલિક મોકલી આપવા માટેની સૂચનાઓ જારી કરી દેવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજયના ૩ હજાર જેટલા અધિકારીઓ પદાધિકારીઓ ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જઈ ગુણવત્તાસભર શિક્ષણનું મૂલ્યાંકન કરાશે અને આ મૂલ્યાંકનને આધારે શાળાઓનું ગ્રેડીંગ કરવામાં આવશે. ગુણોત્સવના આયોજનને લઈ હવે પછી વધુ સૂચનાઓ તંત્ર દ્વારા આપવામાં આવશે. આ વખતે ગુણોત્સવમાં કેટલાક નવા આયામો ઉમેરવામાં આવશે તેમજ એકથી બે બાબતોના સર્વે કરાવવાનું આયોજન પણ હોવાનું શિક્ષણના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ વખતે ગુણોત્સવ-૭નું પરિણામ સારૂ આવે તે માટે પ્રિ. ગુણોત્સવનું આયોજન દિવાળીના વેકેશન બાદ તુરત જ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી મળતા નિર્દેશો મુજબ આજે તમામ બીઆરસી સીઆરસી કોર્ડીનેટર્સની એક મહત્વની બેઠક ગુણોત્સવને લઈ યોજવામાં આવી છે.

ગુણોત્સવ ૬માં જિલ્લાનું પરિણામ સારૂ આવ્યુ હતુ પરંતુ આ વખતે જિલ્લાનો ક્રમાંક ૧ થી ૧૦માં આવે તે લક્ષ્યાંક સાથેનો રોડમેપ આજની બેઠકમાં તૈયાર કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

**અગાઉ વાહનોમાં ફીટ કરાયેલી પ્લેટના**

# ભુંસાયેલા નંબરોની સુધારણાના અંતે કેમ્પની કામગીરી આટોપાઈ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં હાથ ધરાયેલી એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાની ઝુંબેશ સુરસુરિયારૂપ પુરવાર થઈ છે. બે દિવસીય ઝુંબેશ દરમિયાન એક પણ વાહનચાલકોએ પોતાના વાહનોમાં હાઈસક્યિરીટી નંબર પ્લેટ લગાવાનો ઉત્સાહ દાખવ્યો નથી. જયારે આ માટેની હેલ્પલાઈનમાં સુચવાયેલો સંપર્ક નંબર સ્વીચ ઓફ મોડમાં હોવાથી અરજદારોમાં મુંઝવણ વ્યાપી હતી. બે દિવસીય અભિયાન દરમિયાન નવી નંબર પ્લેટ ફીટ કરાવાના બદલે વાહનચાલકોએ ભુસાયેલી નંબર પ્લેટ સુધારણા માટેનો અભિગમ અપનાવ્યો હતો. આર ટી ઓ કચેરીમાં આ કેમ્પ દરમિયાન ૮૦ જેટલા વાહનચાલકોએ નંબર પ્લેટ સુધારણા માટે અરજી કરી હતી. કેમ્પના અંતે એકપણ વાહનમાં એચ એસ આર પી નંબર પ્લેટ લાગી ન હતી. બે દિવસીય અભિયનનો ફિયાસ્કો થયો હતો.

નગરની હાઈટેક કહેવાતી આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવાના લીધે અરજદારોએ પારવાર હાલાકી વેઠવી પડી છે. જયારે પેપરલેસ આર ટી ઓ કચેરીની સુફિયાણી વાતો પણ માત્ર પેપર પર જ હોય તેવી દયનીય સ્થિતિ છે. સે-૩૦ ના ખંડેર મકાનમાંથી નવા બિલ્ડીંગમાં કાર્યરત આર ટી ઓ કચેરીને અધ્યતન સ્વરૂપ આપવાની સાથે આર ટી ઓ કચેરીનો વહીવટ ઝડપી અને વધુ પારદર્શક બનશે તેવી આમ નાગરિકની આશા પણ ઠગારી નિવડી છે. આર ટી ઓ કચેરીમાં આવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. રાજયમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાના અભિયાનમાં ગાંધીનગર પ્રથમ હોવાના દાવા સાથે તમામ વાહનોને એચ એસ આર પી નંબર પ્લેટથી સજ્જ કરવા માટે આર ટી ઓ તંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ આ પ્રકારની ઝુંબેશનુ પણ સફળ આયોજન થઈ શકતુ નથી. આર ટી ઓ કચેરી દ્વારા હાથ ધરાયેલી એચ એસ આર પી નંબર પ્લેટની ઝુંબેશના અંતે એક પણ અરજદારોએ તેનો લાભ લીધો નથી. પરંતુ આર ટી ઓ કચેરી દ્વારા અગાઉ ફીટ કરાયેલી નંબર પ્લેટમાંથી ભુસાયેલા નંબરના આંકડા સુધારવા માટે વાહનચાલકો આવી પહોંચ્યા હતા. જયારે કેમ્પના મુળ ઉદેશ કોરાણે મુકાયો હતો. કેમ્પના અંતે એક પણ વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ થઈ ન હતી. સમગ્ર કેમ્પનો ફિયાસ્કો થયો હતો. એચ એસ આર પી કેમ્પનો ફિયાસ્કો એક પણ વાહનમાં નંબર પ્લેટ ફીટ ન થઈ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**આજે વાઘબારસ**

# સતયુગથી ગૌરક્ષાનુ મહાત્મય દર્શાવતુ પર્વ

**આ દિવસે ઋષિઓ તપ કરતા હતા ત્યારે ભગવાન શંકરે ગૌ રક્ષાનો સંદેશો આપ્યો હતો**

ગાંધીનગર તા ૨૬

તહેવારોના રાજા તરીકે ઓળખાતા દિપોત્સવી પર્વનો મંગલ પ્રારંભ થઈ ગયો છે. દિપોત્સવીની ઉજવણીને અનુલક્ષી નગરજનો ઉત્સુક બન્યા છે. સેકટરોમાં સાંજ ઢળતા જ અંધેરુ ઉલેચતી રંગબેરંગી રોશનીની ઝાકમઝોળ વચ્ચે દિવડાઓનો દિવ્ય ઉજાસ પથરાયેલો જોવા મળે છે. આજે વાઘબારસના દિવસથી તહેવારોનો પ્રારંભ થાય છે. દિવાળીના તહેવારમાં ધનપુજા અને સરસ્વતી પુજન સાથે ગૌ રક્ષાનો સંદેશો મુખ્ય છે. વાઘ બારસનો દિવસ ગૌરક્ષાનો સંદેશો આપતો દિવસ છે. પૌરાણિક કાળના સમય સાથે જોડાયેલી વાત પણ આ દિવસ ગૌરક્ષાને સમર્થન આપતી હોવાનુ સ્પષ્ટ થાય છે. નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીના જણાંવ્યા મુજબ સતયુગમાં ભૃગુ ઋષિના આશ્રમમાં બધા ઋષિઓ તપ કરતા હતા ત્યારે ભગવાન શંકર વૃધ્ધ બ્રાહ્મણના સ્વરૂપે ત્યાં આવ્યા હતા. ગાય અને વાછરડા સાથે ભગવાન શંકરે પોતે તીર્થ સ્નાન કરવા માટે જતા હોવાનુ જણાંવી આ ગાય અને વાછરડાની રક્ષા કરવા માટે ઋષિઓને જણાંવ્યુ હતુ. આ ગાય એટલે પાર્વતીજી અને વાછરડાને કાર્તિકેય સ્વરૂપે ત્યાં મુકી તેઓ ચાલી નિકળ્યા હતા. તેવા સમયે ત્યાં વાઘ પ્રગટ થયો ત્યારે ઋષિઓએ ઘંટ વગાડતા વાઘ નાસી ગયો અને ભગવાન શંકર પ્રગટ થયા આમ ગો વત્સ દ્વાદશી.. ગાયની રક્ષા કરોના સંદેશા સાથે આ દિવસની ઉજવણી વાઘબારસ તરીકે કરવામાં આવે છે. વાઘબારસનો દિવસ ગૌ રક્ષા સાથે જોડાયેલો છે.

# અમિત શાહ એકાએક દિલ્હી પરત ફરતા અટકળોનો દોર

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતની પાંચ દિવસની મૂલાકાતે મંગળવારની રાત્રે અમદાવાદ આવી પહોંચેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આજે બપોરે એકાએક દિલ્હી ઉપડી જતા તરેહ તરેહની અટકળોએ જોર પકડ્યું છે. અમિત શાહ પરિવાર સાથે દિવાળીનો તહેવાર ઉજવવા અમદાવાદ આવ્યા હતા પરંતુ આજે બપોરે તેઓ એકાએક દિલ્હી પરત ફરતા રાજકીય વર્તુળોમાં જેટલા મોઢા તેટલી વાતો વહેતી થઈ છે. ભાજપના વર્તુળોમાં ચાલતી જુદી જુદી ચર્ચા મુજબ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીમાં સર્જાયેલા મહાભારતમાં મુખ્યમંત્રી અખિલેશ યાદવની રાજયપાલ સાથે મુલાકાતને પગલે ઝડપથી બદલાઈ રહેલા રાજકીય સમીકરણોમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમિત શાહની દિલ્હીમાં હાજરી ખુબ જ

● અનુસંધાન પાન-૫ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com